# વહીવટદાર વાપી મહાનગરપાલિકા - વાપી (ઠરાવ બુક)

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.KV-11 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section Dt.01-01-2025 થી વાપી નગરપાલિકા અને આજુબાજુ આવેલ કુલ 11 ગામોનો સમાવેશ કરી મહાનગરપાલિકા બનાવવામાં આવેલ છે. તથા નોટીફીકેશન નં.KV-137 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section Dt.23-04-2025 થી વાપી મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે શ્રી ભવ્ય વર્મા,IAS ની નિમણૂક થયેલ છે. વાપી મહાનગરપાલિકા-વાપીના સરકારશ્રી ધ્વારા નિયુક્ત વહીવટદારશ્રીને ધી જી.પી.એમ.સી એક્ટની કલમ ૭(૧) અને ૭(૨)ની મળેલ સત્તાઓ અને ફરજો મુજબ

**ઠરાવ નંબર-૩૪૬** તા.તા.૨૦.૦૬.૨૦૨૫

કામ નંબર-૧:-વિષય:- વાપી મહાનગરપાલિકાના વિવિધ ફોર્મ, નકલના ફી ના દર નક્કી કરવા બાબતે.

**મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો વહીવટી વિભાગ જા.ન.વહીવટી/વશી/૩૭૧/૨૦૨૫-૨૬ તા.૧૮/૦૬/૨૦૨૫**

વાપી મહાનગરપાલિકામાં વિવિધ વિભાગમાં વિવિધ ફોર્મ, નકલ ફીના દરો નક્કી કરવાના થાય છે. જે ફી ના દરો વિવિધ અરજીઓના માટે તથા આરઆઇટીની નકલ ફી માટે નક્કી કરવાના થાય છે. જે ફી ના દરો નીચે મુજબ છે. જે ફોર્મ ફી અને નકલ ફી ના દરો નક્કી કરવાના થાય છે. જે નીચે મુજબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા રજુ કરેલ દરખાસ્તને ધ્યાને લઈ મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.તથા તેમાં સુધારો/વધારો કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરને આપવાનું ઠરાવવામાં આવે છે.

VAPI MUNICIPAL CORPORATION

FORM fees, Copy Fees

| | ફોર્મ નંબર અને નામ | ફીની રકમ (રૂ.) |
|---|---|---|
| 1 | ફોર્મ નં.1- પાણીના નળ જોડાણ માટેની અરજી ફોર્મ | 10 |
| 2 | ફોર્મ નં.16 - શોપ લાયસન્સ મેળવવાની અરજી ફોર્મ | 10 |
| 3 | ફોર્મ નં.9 - મિલ્કત આકારણી પત્રક અરજી ફોર્મ | 20 |
| 4 | ફોર્મ નં.10 - નવા/પ્લોટ મિલ્કત આકારણી અરજી ફોર્મ | 50 |
| 5 | ફોર્મ નં.૫ - ડ્રેનેજ લાઈન જોડાણ મેળવવાની અરજી ફોર્મ | 20 |
| 6 | ફોર્મ નં.4 - લાઈન ફેર કરી આપવા અરજી ફોર્મ | 10 |
| 7 | નકલ ફી (એ-4 સાઈડ) (એક સાઈડ માટે) | 6 |
| 8 | નકલ ફી (એ-3 સાઈડ) (એક સાઈડ માટે) | 10 |
| 9 | ફોર્મ નં.11 - મિલ્કત ટ્રાન્સફર કરવા માટેનું અરજી ફોર્મ | 70 |
| 10 | નકશા ફી | 500 |
| 11 | જન્મની નોંધણી ફી (લાલ ફોર્મ ફી) | 10 |
| 12 | મરણની નોંધણી ફી (બ્લેક ફોર્મ ફી) | 10 |